જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૨/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૬૦૦/૧૭**

## નોકરીના જરૂરીયાત મંદોને સાઉદી અરેબીયા મોકલવાની લાલચ આપી લાખો રૂપીયાની છેતરપીંડી કરી છેલ્લા ૧૨ વર્ષ થી નાસતા ફરતાં આરોપીને પકડી પાડતી સાયબર ક્રાઇમ સેલ ક્રાઇમ બ્રાન્ચ.

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સા. તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સા. તથા અધિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સા. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ વૉન્ટેડ ઇસમો પકડી પાડવા સારૂ તેમજ મિલકત તેમજ શરીર સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી પી.જી.સરવૈયા નાઓના માર્ગદર્શન હેઠળ પોસ.ઇ.શ્રી આર.કે.સોલંકી તથા પોસ.ઇ.શ્રી એમ.એચ.શિણોલ, પો.સ.ઇ. શ્રી એસ.વી.ગળચર તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં નિકળેલ દરમ્યાન સાથેના સ્ટાફના પોકો કિરીટસિંહ ભગવતસિંહ નાઓને બાતમી હકિકત મળેલ કે, સને – ૨૦૦૫માં લોકોને સાઉદી અરેબીયા ખાતે મોકલવાની લાલચ આપી લોકો સાથે છેતરપીંડી કરનાર મહેશ સુંદરજી ધોકાઇ નાનો પોલીસને હાથ તાળી આપી નાશતો ફરતો હોય જે અમદાવાદમાં પીજીમાં પોલીસની ચોરી છુપીથી રહે છે જે ચોક્કસ બાતમી આધારે વૉચ ગોઠવી મહાલક્ષ્મી પાંચ રસ્તા પાસેથીઆરોપી મહેશભાઇ સુંદરજી ધોકાઇ ઉવ૫૯ ધંધો – ડ્રાઇવિંગ રહેવાસી – ૩/એ, વિવેકાનંદ સોસાયટી, મહલક્ષ્મી પાંચ રસ્તા સુશ્રુત હોસ્પિટલની બાજુમાંપાલડી અમદાવાદ શહેર મુળ વતન જલારામ કોલોની, એરોડ્રામ રોડ, પોરબંદર નાને તા.૨૮/૧૨/૨૦૧૭ ના કલાક;- ૧૨/૩૦ વાગે પકડી પાડી આરોપીની પુછપરછ કરતાં આરોપી પોરબંદર જીલ્લાના કમલાબાગ પોલીસ સ્ટેશનના ફ્સ્ટ ગુર.નં. ૧૦૨/૨૦૦૫ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦ મુજબના ગુનાના કામે હાલમાં પણ વૉન્ટેડ હોય પોરબંદર જીલ્લા પોલીસને સોંપવા તજવીજ કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત ગુનામાં આરોપી મહેશ નાનો અગાઉ સને– ૨૦૦૫, માં વાડી પ્લોટ શેરી નં – ૫, પોરબંદર ખાતે શ્રીજી ફાઇનાન્સ ના નામથી ઓફીસ ધરાવી નોકરી વાંચ્છુઓને સાઉદી અરેબીયા તેમજ દુબઇ મોકલવા માટેની કામગીરી કરતો હતો જેણે ન્યુઝ પેપરોમાં જાહેરાત આપેલ કે દુબઇ અલ અરબ કંન્સ્ટ્રકશન કંપની કામ કરનાર માણસોની જરૂરીયાત છે જેથી કેટલાક માણસોએ આ જાહેરાત વાંચી આરોપીનો સંપર્ક કરેલ જેથી આરોપીએ આ લોકો પાસેથીવિઝા પ્રોસીઝર અને અન્ય પ્રોસીઝર પેટે સને – ૨૦૦૫ ના વર્ષમાં ઘણા માણસો પાસેથી નાણા મેળવી લીધેલ જેમાં મુકેશ મકવાણા પાસેથી– ૪૧૦૦૦/-, ખીમજીભાઇ વાળા પાસેથી – રૂ.૩૫૦૦૦/-, ચીમનભાઇ પરમાર પાસેથી – રૂ.૪૧૦૦૦/-, પ્રેમજીભાઇ કટારીયા પાસેથી – રૂ.૪૦,૦૦૦/-, માલદેભાઇ પાસેથી રૂ.૨૫૦૦૦/- તથા જીવન બાબુભાઇ પાસેથી રૂ૨૦૦૦૦/- મેળવી લઇ લાખો રૂપીયાની છેતરપીંડી કરી પોતાની ઓફીસ બંધ કરી ભાગી ગયેલ જે બાબતે ઉપરોક્ત ગુનો દાખલ થયેલ છે જેમાં છેલ્લા બાર વર્ષથી આ આરોપી પોલીસને હાથતાળી આપી નાશતો ફરતો અને અમદાવાદ કોઇને ખબર ન પડે તે રીતે પી.જી.માં રહેતો હતો જેને પકડી પાડવામાં પોલીસને સફળતા મળેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**